### નરોડા-ચિલોડા હાઈવે એકસીડન્ટ ઝોન : મહિનામાં ૧૬નાં મૃત્યુ

# લવારપુર પાસે લકઝરી-કાર વચ્ચે અકસ્માતમાં ચારનાં મૃત્યુ

## એસેન્ટ કાર લકઝરીમાં ધડાકાભેર ઘુસી જતા કારના ફુરચા ઉડી ગયા : ગુજરાતી ફિલ્મ નિર્માતા સહિત ચારનાં મૃતદેહ ત્રણ કલાકની જહેમત બાદ નિકળ્યા : કારમાં ફસાયેલા મૃતદેહો કટર વડે કાર કાપીને નિકાળવા પડયા

ગાંધીનગર, તા. ૨૫

નેશનલ હાઈવે નં. ૮નો ચિલોડાથી નરોડા સુધીના સાંકડા માર્ગ પર જીવલેણ અકસ્માતો ચિંતાજનક બન્યા છે. છેલ્લા એક જ મહિનામાં આ હાઈવે પર ૧૬ વ્યકિતઓએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. ડેન્જર એકસીડેન્ટ ઝોન બની ગયેલા આ માર્ગને પહોળો બનાવવામાં તંત્ર પણ નિરસ જણાઈ રહ્યું છે. ગઈ મોડી રાત્રે વધુ એક ગમખ્વાર અકસ્માત લવારપુર પાસે થવા પામ્યો હતો. એસેન્ટ કાર અને લકઝરી વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એસેન્ટ કારના ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર ગુજરાતી ફિલ્મ નિર્માતા સહિત ચાર મિત્રોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજયાં હતાં. કારની બોડીમાં ફસાઈ ગયેલા ચારેય મિત્રોના મૃતદેહ ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે કટર વડે કાર કાપીને ત્રણ કલાકની જહેમતે બહાર કાઢયા હતાં.



મળતી માહિતી મુજબ ગઈ રાત્રે હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી એસેન્ટ કાર નં. જીજે ૧૮ બીએ ૪૩૪૦ ચિલોડા નરોડા હાઈવે પર પહોંચી ત્યારે લવારપુર પાસે સામેથી આવતી લકઝરી સમાં ધડાકાભેર ઘુસી ગઈ હતી. કારના ફુરચા બોલી ગયા હતા અને તેમાં સવાર ચાર યુવાન મિત્રો અંદરને અંદર જ મોતને ભેટી ગયા હતાં. આ ગમખ્વાર અકસ્માતમાં મોતને ભેટેલા ચાર યુવાનો પૈકી એક ગુજરાતી ફિલ્મ નિર્માતા 'તુજને પોકાર મારી પ્રિત' નામની ગુજરાતી ફિલ્મના નિર્માતા માણસાના અમરાપુર વિસ્તારના વનરાજસિંહ દિલીપસિંહ રાઠોડે ઘણા ગુજરાતી ફિલ્મોમાં વિલન તરીકેનો રોલ પણ કરેલો છે.

વનરાજસિંહ રાઠોડ ઉપરાંત તેમના મિત્રો ઝુંડાલના જિતેન્દ્રસિંહ કિશોરસિંહ શેખાવત, જયપુર રાજસ્થાનનાં કુલદિપસિંહ રઘુવીરસિંહ શેખાવત અને ભૂપેન્દ્રસિંહ જેથુસિંહ રાઠોડ મળીને ચારેય મિત્રોના સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતાં. ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમના ચિનુભાઈ તથા માણસોએ કટર વડે કાર કાપીને ચારેય મૃતદેહ ત્રણ કલાક જહેમત ઉઠાવીને બહાર કાઢયા હતાં. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરુ કરી છે.



# રળિયામણા પાટનગરમાં સેકટર-૨ ઉના સરકારી આવાસોની જર્જરીત અવસ્થા યથાવત

## નગરને ચોતરફ સ્વચ્છ, સુંદર બનાવવાના પ્રયાસોનો આ ખંડેર આવાસો છેદ ઉડાડી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૫

વાઈબ્રન્ટ સમિટે પાટનગરની રોનક બદલી નાખી છે. જેમાં નગરને ચોતરફથી સ્વચ્છ અને સુંદર બનાવવાના તંત્રના પ્રયાસો ભરપુર અને ઝડપી બની રહ્યા છે. પરંતુ વર્ષો જુની સમસ્યાઓ પ્રત્યે તંત્ર અનદેખી કરતું હોય તેમ સે-૨ ઉના સરકારી આવાસોની જર્જરીત અવસ્થા યથાવત રહેવા પામી છે. સમગ્ર નગર જયારે નવા સાજ સજાવટ અને શણગાર સજી સોળે કલાએ ખીલી ઉઠયું છે ત્યારે નગરની વચ્ચે જ આવેલા આ અતિ કિંમતી સ્થળે બનેલી અતિ મુલ્યવાન સરકારી મિલ્કત ખંડેર બની ધુળ ખાય તે પહેલાં લોક ઉપયોગી બને તે પ્રયાસો તંત્ર દ્વારા હાથ ધરવા જોઈએ તે સંજોગો આધિન બન્યું છે.

જેમાં વાઈબ્રન્ટ સમિટ જેવો અવસર પાટનગરના આંગણે યોજાતો હોય અને વિશ્વભરના ઉચ્ચ કોટિના મહેમાનો પધારવાના હોય ત્યારે નગરના આ જુના અને સંભવિત ઉપયોગી સ્થળનો પણ વિકાસ કરી લઈ વાઈબ્રન્ટનો હિસ્સો બનાવવો જોઈએ તેવું નગરજનો



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ખંડેર આવાસો પણ પોતાની સજાવટ ઝંખી રહ્યા છે. જો કે નગરજનો પણ આ અમુલ્ય મિલ્કતની અવદશાથી આઘાત અનુભવી રહ્યા છે. જેથી વાઈબ્રન્ટ સમિટના અવસરે આ આવાસોને પણ અલંકારિત કરાય તેવી માંગ ઉભી થઈ છે.

વાઈબ્રન્ટને અનુલક્ષીને નિત નવી કામગીરીઓ તંત્ર દ્વારા આરંભાઈ રહી છે અને અમુક કામગીરીઓ તેના આખરી તબક્કામાં પસાર થઈ રહી છે. શહેરનો દિદાર આકર્ષક અને અદભૂત બની રહ્યો છે ત્યારે દાયકા જુની સમસ્યાઓ પ્રત્યે દુર્લક્ષ એ નગરમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ' સમાન લાગી રહ્યું છે. સે-૨ ઉ સુવિધા કચેરી પાસે આવેલા સરકારી આવાસો જર્જરિત હાલતમાં ખંડેર બની ગયા છે. જાણવા મળ્યા મુજબ આ સરકારી આવાસો બાબતે કાનુની પ્રક્રિયા ઉદભવી છે છતાં પણ દરેક સમસ્યાનો ઉકેલ હોય છે તેમ આ ઈચ્છી રહ્યા છે.

જો કે તંત્ર નગરને સ્વચ્છ, સુંદર અને રળીયામણું બનાવવા ખુણે ખુણાને નવોઢાની જેમ સજાવી રહ્યા છે તે નગરજનોમાં આવકારદાયક બન્યું છે. પરંતુ નગરની વચ્ચે જ કદરૂપા ભાંસી રહેલા આ આવાસોને પણ મરામત કરી આકર્ષક બનાવવા જોઈએ તે હાલના પ્રસંગે જરુરી બન્યું છે. આ આવાસો ખંડેર હાલતમાં રહીને અસામાજીક તત્વોનો અડ્ડો બની રહ્યા છે તેમજ આજુબાજુના રહીશો માટે રાત્રીના સમયે ભયજનક સ્થિતિ ઉભી કરી રહ્યા છે. આ આવાસોમાં ફકત પ્લાસ્ટર, બારી બારણાં અને રૂપરંગની જ જરૂરિયાત છે ત્યારે આ કિંમતી આવાસો સત્વરે ઉપયોગી બને તે માટે કાનુની ગુંચનો નિવેડો લાવી વાઈબ્રન્ટ સમિટના આ પ્રસંગે આ પણ નગરની ઓળખ બને તેવી માંગ ઉઠી છે.



બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે ભૂદેવ બંધુ ગ્રુપ તેમજ સહયોગ મંડળ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શશીકાંતભાઈ મોઢાએ ૧૨૫મી વખત રકતદાન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જયાં ૫૦ બોટલ રકત એકત્ર થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# સોલ્ટ માઉન્ટ નજીક સ્થિત બીજ નિગમના ગોડાઉન તોડી નંખાયા

## સોલ્ટ માઉન્ટના ઉદઘાટનને અનુલક્ષી તડામાર તૈયારી

ગાંધીનગર, તા. ૨૫

મહાત્મા મંદિર પાસે ભવ્ય સોલ્ટ માઉન્ટ તૈયાર કરી દેવાયો છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સોલ્ટ માઉન્ટનું ઉદઘાટન પણ કરવામાં આવનાર છે. જયારે સોલ્ટ માઉન્ટની બીજી તરફ સ્થિત બીજ નિગમ અને સિવિલ સપ્લાયના ગોડાઉન પણ તોડી પાડવામાં આવ્યા છે. આ વિસ્તારમાં હાલ બ્રિજનું કામ પણ ચાલી રહ્યું છે.

મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. સોલ્ટ માઉન્ટ ફરતે રસ્તા બનાવવાનું કામ પણ પૂર્ણતાના આરે છે. જયારે અંદરના ભાગમાં ભવ્ય મ્યુઝિયમ નિર્માણ કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. મ્યુઝિયમમાં ગાંધીજીના પ્રસંગો વર્ણવતા ઐતિહાસિક ચલચિત્રો મુકવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ મ્યુઝિયમનું કામ પણ ટૂંકમાં પૂર્ણ કરી દેવાશે. આગામી મહીનામાં પ્રધાનમંત્રીના હસ્તે સોલ્ટ માઉન્ટનું ઉદઘાટન કરવામાં આવશે. આ ઉપરાંત ખ માર્ગને કર્વેચર અપાયા બાદ સોલ્ટ માઉન્ટને જોડતા બ્રિજનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત સોલ્ટ માઉન્ટની બીજી તરફ સ્થિત ગોડાઉન પણ તોડી પાડવામાં આવ્યા છે. સોલ્ટ માઉન્ટની એક બાજુ સિવિલ સપ્લાય અને બીજ નિગમના જૂના ગોડાઉન અસ્તિત્વ ધરાવતા હતા. વાઈબ્રન્ટ પૂર્વે આ ગોડાઉન તોડવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. સોલ્ટ માઉન્ટનું ઉદઘાટન નજીકમાં હોવાથી માઉન્ટની સફાઈ સહીત જરુરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

# શ્રમિકોને કલ્યાણકારી યોજનાઓથી સાંકળવાનો માર્ગ એટલે શ્રમિકોનો મેળો : સૌરભભાઈ

## ગાંધીનગરના બે શ્રમિક પરિવારોને અકસ્માત વીમાની રકમના ચેક અપાયા

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના એક કરોડ ૨૫ લાખ જેટલા શ્રમિકોની નોંધણી કરી તેમને આવાસ જ નહિ પણ અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરકાર આપવા માટે કટિબદ્ધ બની ચૂકી છે તેમ રાજ્યના નાણામંત્રી સૌરભભાઈ પટેલે આજે જિલ્લાના શ્રમિક કલ્યાણ મેળાને સંબોધતા જણાવ્યું હતું.



શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતુંકે, શ્રમિકને અપાનારા કાર્ડની નોંધણી થકી સરકાર તેના લાભો યોગ્ય વ્યક્તિને પહોંચે તેમ ઈચ્છે છે તે છે.

ગુજરાત રાજયના શ્રમિકોને બાયસેગના માધ્યમથી દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સંબોધન કર્યુંહતું.

આ -સંગે નાણાં, ઉર્જા અને પટ્રોકેમિકલ્સ મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસ રાજય સરકારનો મંત્ર છે. છેવાડાના માનવીને પણ સરકારની વિવિધ યોજનાઓનો લાભ સરળતાથી કેવી રીતે મળે તે માટે રાજય સરકાર સતત -યત્નશીલ છે. રાજયની ૬ કરોડથી વધુની વસ્તીમાં શ્રમિકોની સંખ્યા ૧ કરોડ ૨૫ લાખથી વધુ છે. આવા અસંગઠિત શ્રમિકોને અને તેમના પરિવારજનોને રાજય સરકારની શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને અન્ય સહાયકારી યોજનાઓનો લાભ આપવાના ઉમદા આશયથી આજે રાજયના ૨૦ જિલ્લાઓમાં શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે આવા અસંગઠિત શ્રમિકોના નામની નોંધણી થઈ છે, તેમને યુવી કાર્ડ આપવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં ૧૦ હજાર જેટલા અને રાજયભરમાં અંદાજે ૧ લાખ યુવી કાર્ડ આપવામાં આવનાર છે. તેમને આ કાર્ડ થકી કેવી રીતે યોજનાઓનો લાભ મળશે, તેની પણ મંત્રીશ્રીએ વિસ્તૃત વાત કરી હતી.

રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, આજે રાજયના ૨૦ જિલ્લાઓમાં શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાઓ થકી શ્રમિકોને યુવી કાર્ડ આપવામાં આવનાર છે. આ કાર્ડ થકી શ્રમિકોને પોતાના પરિવાર અને પોતાની માટે આરોગ્ય, શિક્ષણ અને અન્ય સરકારી યોજનાઓના લાભ સરળતાથી મળી રહેશે.

પૂર્વ સાંસદ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, રાજયના વિકાસમાં મહત્વની ભૂમિકા અસંગઠિત શ્રમિકોની છે, તેની નોંધ રાજયના -થમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે લીધી છે.

# વાઈબ્રન્ટ સમિટ માટે ઉતાવળે થતાં કામોમાં કચાશ રહી જવાની નગરજનોમાં દહેશત

## *પ્રસંગસર થયેલા કામો કાયમી નજરાણું બને તેવા નકકર કામની નગરજનોને અપેક્ષા*

ગાંધીનગર, તા. ૨૫

પાટનગરમાં જાન્યુઆરીમાં યોજાનારા વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને ધમધોકાર કામગીરી ચાલી રહી છે. જેમાં જુના અને નવા કામોનો સમાવેશ થાયછે અને સમગ્ર નગર આ પ્રસંગે ઝળહળી ઉઠે તેવા તંત્રના પ્રયાસો છે. પરંતુ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને ઉતાવળે થઈ રહેલા કામોમાં કચાશ રહી જવાની નગરજનોમાં દહેશત ઉભી થઈ છે. મસ મોટા ખર્ચે થઈ રહેલા કામો પાછળ સમય માંગી લે છે ત્યારે તંત્ર અને ઠેકેદારો દ્વારા વાઈબ્રન્ટ સમિટના થોડા દિવસો પહેલા શરૂ થયેલા કામો દેખાવ ઉપરથી પૂર્ણતા તરફ આવી ગયા છે. પ્રસંગ સર થયેલા કામો નગરની નવી ઓળખ બન્યા છે ત્યારે તે કાયમી નજરાણું બને તેવા નકકર કામ થાય તેવી નગરજનોએ અપેક્ષા રાખી છે.

વાઈબ્રન્ટ સમિટ અન્વયે નગરના મહાત્મા મંદિર, સ્વર્ણિમ પાર્ક જેવા આકર્ષક સ્થળોએ તથા નગરની ચોતરફ કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. જેમાં મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્કની કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે જયારે નગરના અન્ય સ્થળોએ તાજેતરમાં જ કામગીરી હાથ ધરાઈ છે. વાઈબ્રન્ટ સમિટને હવે થોડાક જ દિવસો બાકી રહ્યા છે ત્યારે તંત્ર તથા ઠેકેદારો પોતાની કામગીરી પૂર્ણ કરવા ઉતાવળે કામે લાગી ગયા છે. આ ઉતાવળે થઈ રહેલી કામગીરીમાં કચાશ રહીને ટકાઉ નહીં બને તેવી શંકા નગરજનો વ્યકત કરી રહ્યા છે. જો કે વાઈબ્રન્ટ સમિટની તારીખો નક્કી જ હતી અને આ કામો કરવાના જ હતા તો સમયસર એ કામગીરી કરાવી લેવાની જરૂરિયાત હોવાનો મત નાગરિકો વ્યકત કરી રહ્યા છે. નગરના જુદા જુદા સ્થળે અનેક સાજ સજાવટ અને નવીન કામગીરીઓ થઈ રહી છે. જેમાં આ કામગીરીઓ ખરેખર ઘણો સમય માંગી લે તેવી છે છતાં પણ હાલ આ કામ પૂર્ણતા તરફ પહોંચ્યા છે.

વિપુલ માત્રામાં ખર્ચ કરીને થતી કામગીરી અને સાજ સજાવટ એ નગરનું આકર્ષણ બની રહેવાનું હોઈ નગરની ઓળખ માટે આ કામગીરી ટકાઉ અને ગુણવત્તા યુકત બને તે નગરના હિતમાં ઈચ્છનીય છે. વધુમાં થયેલી કામગીરીની દેખરેખ અને જાળવણી પણ એટલી જ મહત્વની છે. જેથી તંત્ર પ્રસંગસર થયેલા કામોની સમયાંતરે સમીક્ષા અને જવાબદારી સુનિશ્ચિત કરે તે પણ નગરજનો જણાવી રહ્યા છે. હાલમાં ચાલી રહેલા કામોમાં જે તે ઠેકેદારને તેની જવાબદારી નક્કી કરીને કામના ટકાઉપણાંની બાંહેધરી લેવી જોઈએ જેથી નકકર કામનું નજરાણું નગરના નવા રૂપ રંગમાં સદાય સહેલાણીઓ માટે આકર્ષિત બની રહે અને સૌ કોઈ નગરની મુલાકાતે આવતા રહે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૦
સૂર્યાસ્ત : ૬.૦૧

### તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્કીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્કીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

**સીટી પલ્સ**

: સ્કીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્કીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્કીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

**સિનેમેક્સ**

: સ્કીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્કીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્કીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્કીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

**મિથુન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. ઈશ્વર આરાધનાથી કાર્ય આરંભ કરવું.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. વ્યાપારમાં પ્રગતિ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. જીવનસંગીની સાથે તકરાર ન બને. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે.

### ચિરવિદાય

- સ્વ. દશરથભાઈ શીવરામ સુથાર (ઉ.વ.૬૩) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. નાગરજી ગુલાબજી મકવાણા (ઉ.વ.૫૬) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- સ્વ.પ્રવિણકુમાર ગોપાલજી પટેલ (ઉ.વ.૬૪) મુ. અડાલજ, ત્રિમંદિર, એટીપીએ-૧૩, તા.જી.ગાંધીનગર
- સ્વ. શરયુબેન તરપેન્દ્રકુમાર પરીખ (ઉ.વ.૭૮) સેક્ટર-૩એ, પ્લોટ નં. ૧૨૧૭/૧, ગાંધીનગર
- સ્વ. રામજીભાઈ સગરામભાઈ ઠાકોર (ઉ.વ.૪૦) મુ. વરસોડા, તા.માણસા, જી. ગાંધીનગર